સત્યમેવ જયતે

ક્રમાંક : જીસીઈઆરટી/ C9E/3(-30-C-C

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,

'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.

ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯

નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮

12-2-19

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-તમામ ,

શાસનાધિકારી-તમામ,

<u>વિષય: ધોરણ ૨ માં ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરાવવા બાબત...</u>

ઉપરોક્ત બાબતે આપ સુવિદિત છો જ કે આગામી વર્ષે ધોરણ ૩ માં દાખલ થનાર પ્રત્યેક વિદ્યાર્થી વાચન, લેખન અને ગણનમાં અપેક્ષિત સિદ્ધિ સ્તર પ્રાપ્ત કરીને જ દાખલ થાય તે આપણા સૌની પ્રતિબદ્ધતા છે. આ માટે ધોરણ-૨ માં તાજેતરમાં 31 જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરી દરમિયાન તમામ વિદ્યાર્થીઓની નિદાન કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૩ ના શિક્ષક દ્વારા લેવાયેલી આ કસોટીના આધારે ધોરણ ૨ ના ભાષા અને ગણિત શિક્ષકને પ્રતિભાવ મળ્યો જ હશે કે કયા વિદ્યાર્થીને શું આવડે છે અને શું નથી આવડતું. આ ઉપરાંત, સી.આર.સી. કો-ઓર્ડીનેટર દ્વારા ડેટા એન્ટ્રી પૂરી કરીને દરેક વિદ્યાર્થીની મૂલ્યાંકન શીટ પણ બીજા ધોરણના શિક્ષકો પાસે પહોંચી ગઈ હશે. આના આધારે કેટલાક શિક્ષકો દ્વારા ઉપચારાત્મક શિક્ષણ શરૂ પણ કર્યું હશે. આમ છતાં, રાજ્ય કક્ષાએથી દરેક વિદ્યાર્થીનું રીપોર્ટ કાર્ડ તૈયાર કરવામાં આવ્યું છે. જે સમગ્ર શિક્ષા અભિયાનની વેબસાઈટ પરથી જોઈ શકાશે.

ધોરણ-૨ નું પ્રથમ ભાષા (ગુજરાતી,હિન્દી, અંગ્રેજી, મરાઠી, ઊર્દૂ, તેલુગુ વગેરે) તેમજ ગણિતનું વ્યક્તિગત ઉપચારાત્મક શિક્ષણ કાર્ય દરેક શાળામાં તાત્કાલિક શરૂ કરાવવું. આપ સુવિદિત છો એ મુજબ આગામી એપ્રિલ ૨૦૧૯ અંત સુધી ચાલનાર ઉપચારાત્મક શિક્ષણકાર્યને અંતે પણ થર્ડ પાર્ટી (બાહ્ય) મૂલ્યાંકન થનાર છે. તેથી દરેક શાળામાં દરેક વિદ્યાર્થીની જરૂરિયાત અનુસાર વ્યક્તિગત ઉપચારાત્મક શિક્ષણકાર્ય હાથ ધરવા આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ આપવા અને અમલીકરણ અંગે માર્ગદર્શન અને મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવવા આથી જણાવવામાં આવે છે.

ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવા માટેની સામાન્ય સૂચનાઓ આ સાથે સામેલ છે. આ સૂચનાઓ દરેક શાળાના ધોરણ ર ના ભાષા અને ગણિત શિક્ષક પાસે હોય જ તે સુનિશ્ચિત કરવા વિનંતી છે. આપના દ્વારા થનાર મોનીટરીંગ દરમિયાન પણ આ બાબત ખાસ જોવા માટે વિનંતી છે.

ઉપચારાત્મક શિક્ષણ અંગેની સૂચનાઓ

- દરેક વિદ્યાર્થીના ભાષા અને ગણિતના રિપોર્ટ કાર્ડ શિક્ષક પાસે હોય જ તે સુનિશ્ચિત કરવું.
- દરેક વિદ્યાર્થીનું રીપોર્ટ કાર્ડ ધ્યાનથી વાંચવું. વિદ્યાર્થીને નિદાન કસોટી દરમિયાન જે બાબતો આવડી છે તે રીપોર્ટ કાર્ડના ઉપરના ભાગે આપેલી છે. વિદ્યાર્થીને જે બાબતોમાં વિશેષ માર્ગદર્શનની જરૂર છે તે બાબતો નીચેના ભાગમાં આપવામાં આવી છે.

ગુજરાતી (પ્રથમ ભાષા)

- શરૂઆતના બાર પ્રશ્નો શબ્દ વાચનના છે. વિદ્યાર્થીએ ધોરણ ૧ માં જે ક્રમમાં મૂળાક્ષર અને માત્રા શીખ્યા છે એ જ ક્રમમાં જે તે મૂળાક્ષર અને માત્રાના ઉપયોગથી બનતા શબ્દો પૂછવામાં આવ્યા છે.
- જો વિદ્યાર્થીને તમામ મૂળાક્ષર અને માત્રાઓની ઓળખ હોય અને તેમ છતાં વિદ્યાર્થી માટે શબ્દ વાચન અંતર્ગત ઉપચારાત્મક શિક્ષણ સૂચવ્યું હોય તો એવાં વિદ્યાર્થીઓ શબ્દને શબ્દ તરીકે નહિ, પણ છૂટા અક્ષરો તરીકે વાંચે છે એમ સમજવું. આવા વિદ્યાર્થીઓને વારંવાર આખા શબ્દો વાંચવાનો મહાવરો કરાવવો.
- વિદ્યાર્થી મૂળાક્ષરો ઓળખતો હોવા છતાં વાક્ય વાચનમાં ઉપચારાત્મક શિક્ષણ સૂચવ્યું હોય તો એવાં વિદ્યાર્થીઓ માટે પણ શબ્દો છૂટા પાડી આખુ વાક્ય વંચાવવાનો મહાવરો કરાવવો.
- વાચન અર્થગ્રહણ અંતર્ગત કોઇ વિદ્યાર્થી માટે ઉપચારત્મક શિક્ષણ સૂચવાયું ન હોય પરંતુ જો શબ્દ વાચન કે વાક્ય વાચન માટે ઉપચારાત્મક શિક્ષણ સૂચવાયું હોય તો આવા વિદ્યાર્થી માટે વાચન અર્થગ્રહણનું પણ ઉપચારાત્મક શિક્ષણ કાર્ય યોજવું. શબ્દ કે વાક્ય વાચન ન આવડતું હોય તો વાચન અર્થગ્રહણ પણ ન જ આવડે એ સ્પષ્ટ છે. તેમ છતાં જો કોઇ વિદ્યાર્થીને વાંચતા ન આવડતુ હોય અને વાચન અર્થગ્રહણના પ્રશ્નોના સાચા જવાબ

આપ્યા હોય તો એવું બનવા સંભવ છે કે શિક્ષકે ફકરો વાંચ્યો હોય અને વિદ્યાર્થી સાંભળીને સમજ્યો (શ્રવણ અર્થગ્રહણ) હોય.

- શ્રુતલેખન અંતર્ગત કરવાના થતા ઉપચારાત્મક કાર્યમાં ધ્યાન રાખવું કે શિક્ષકે શબ્દને શબ્દની જેમ જ બોલવો, છૂટા અક્ષરો ન બોલવા. આમ કરીશું તો વિદ્યાર્થી શબ્દોનું શ્રુતલેખન સારી રીતે કરી શકશે.
- શબ્દ વાચનમાં વિદ્યાર્થીને જે મૂળાક્ષર અને માત્રાવાળા શબ્દો વાંચતા ન આવડતા હોય, તે એકમથી જ ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરાવવું. આ વિદ્યાર્થી બીજા ધોરણમાં ભણે છે, તેમ છતાં ગુજરાતીની લેડર મુજબ એને પહેલા ધોરણના જે તે એકમથી  શીખવવાની શરૂઆત કરવી. આવા વિદ્યાર્થીઓ માટે ધોરણ 1 નું પ્રગતિ માપન રજીસ્ટર નિભાવવું.

<u>ગણિત</u>

- પ્રથમ ચાર કલમો સંખ્યા ઓળખની છે. પ્રથમ કલમમાં 1 થી 20 સુધીની સંખ્યા ઓળખ કરવાની છે. બીજી કલમમાં 21 થી 50 સુધી, ત્રીજી કલમમાં 51 થી 70 અને ચોથી કલમમાં 71 થી 100 સુધીની સંખ્યા ઓળખ કરવાની છે. જો કોઈ બાળકને 21 થી 50 સુધીની સંખ્યામાં ઉપચારાત્મક શિક્ષણ સૂચવાયું હોય તો આવા વિદ્યાર્થીને 51 થી 70 અને 71 થી 100 સુધીનું પણ ઉપચારાત્મક શિક્ષણ કરાવવું.
- વિદ્યાર્થીને સંખ્યાની ઓળખ 20 ને 1 એટલે એકવીસ, 20 ને 2 એટલે બાવીસ એમ જ કરાવવી. આથી વિદ્યાર્થી સંખ્યાને બરાબર સમજી શકશે અને તેમની સ્થાનકિંમત પણ સમજી શકશે.
- વિદ્યાર્થીને શક્ય તેટલી સંકલ્પનાઓ મૂર્ત વસ્તુઓને આધારે જ સ્પષ્ટ કરવી. આમ કરવાથી આપને શરૂઆતમાં વિદ્યાર્થીની પ્રગતિ ધીમી લાગશે પણ તેમની સમજ સ્પષ્ટ થવાને કારણે પછીથી તેમની ગતિ વધશે.
- યાદ રાખવું કે ગણિત મહાવરાનો વિષય છે આથી એક વખત શીખવ્યા પછી તેનો વારંવાર મહાવરો કરાવવો જરૂરી છે. જેમ કે સંખ્યા ઓળખ અને સમજ કરાવ્યા પછી સરવાળો કે બાદબાકી કે અન્ય ગણતરી માટેના દાખલામાં આપેલી સંખ્યા વિદ્યાર્થીને વંચાવવી.

- વિદ્યાર્થીને વ્યવહારિક કોયડા માટે શિક્ષક આવૃત્તિના સમૂહકાર્ય-1 માં આપેલી મૌખિક ગણિતની પ્રવૃત્તિઓ કરાવવી.
- નાની કે મોટી સંખ્યા નક્કી કરવા માટે સ્થાનકિંમતનો ઉપયોગ શીખવવો.
- સરવાળા અને બાદબાકીના દાખલામાં વિદ્યાર્થી કયા પ્રકારની ભૂલ કરે છે તે શોધીને પછી તે પ્રમાણે ઉપચારાત્મક કાર્ય કરવું. જેમ કે સરવાળા-બાદબાકીની સંકલ્પનાની સમજ સ્પષ્ટ ન હોવી, સંકેત ઓળખની ભૂલ, આડા લખેલા દાખલાને ઊભા લખવામાં ભૂલ, ગણતરીની ભૂલ, સંખ્યાની સમજ જ ન હોવી વગેરે જેવી બાબતોને શોધીને તે મુજબ ઉપચારાત્મક કાર્ય કરાવવું.
- ગણિતના ઉપચારાત્મક કાર્ય માટે સ્કવેર લાઇન(ચોરસ ખાનાવાળી)નોટબૂકનો ઉપયોગ કરાવવો. આ નોટબૂકના એક ખાનામાં એક અંક જ લખવાની ટેવ પાડવાથી સ્થાનકિંમત, સંખ્યા સમજ, સંખ્યા સરખામણી, સરવાળા-બાદબાકીને ઊભી રીતે લખીને ગણતરી કરવામાં વિદ્યાર્થીને સરળતા રહે છે.

ઉપરોક્ત સૂચનાઓ દરેક શાળાના ધોરણ 2 માં ભાષા અને ગણિત ભણાવતા શિક્ષકો સુધી પહોંચે તેવી વ્યવસ્થા કરવા વિનંતી.

નિયામક

GCERT

નકલ રવાના જાણ સારુ:

માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), બ્લોક 5, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગર

માન. એસ.પી.ડી.શ્રી -એસ.એસ.એ.- સેક્ટર 17, ગાંધીનગર

માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ , બ્લોક-12, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

પ્રાચાર્યશ્રી- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- તમામ